# <u>ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર</u>

## જાહેરાત ક્રમાંક-૧૦/૨૦૨૧-૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી)

### <u>2nd એડીશનલ પ્રોવિઝનલ મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારો માટે ડોક્યુમેન્ટ અપલોડ કરવા અંગેની સૂચનાઓ</u>

જા.ક.૧૦/૨૦૨૧-૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી) સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા તા.૦૭/૦૫/૨૦૨૩ના રોજ યોજવામાં આવેલ હતી. જેનું **<u>2nd એડીશનલ પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ</u>** <u>તા.૨૦-૧૦-૨૦૨૩</u>ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેમાં સમાવિષ્ટ કુલ <u>૯૨</u> ઉમેદવારોના ડોકયુમેન્ટ વેરીફીકેશન ઓનલાઇન ચકાસણી કરવા મંડળ દ્વારા નિર્ણય કરવામાં આવેલ હોઈ, ઉપરોક્ત પ્રોવીઝનલ મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારોએ પોતાના ડોક્યુમેન્ટ ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. જે અંગે નીચે મુજબની વિગતવાર સૂચનાઓ ધ્યાને લેવા સંબંધિત ઉમેદવારોને જણાવવામાં આવે છે:-

| | |
|---|---|
| જાહેરાત ક્રમાંક | જાહેરાત ક્રમાંકઃ૧૦/૨૦૨૧-૨૨ |
| જાહેરાતનું નામ | ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી)વર્ગ-૩ |
| દસ્તાવેજો પ્રમાણપત્રો અપલોડ કરવા માટેની લીંક | https://iass.gujarat.gov.in/ |
| દસ્તાવેજો/પ્રમાણપત્રો અપલોડ કરવા માટેની શરૂ થવાની તારીખ અને સમય | તા.૨૧-૧૦-૨૦૨૩ સમય: ૧૫:૦૦ કલાકે |
| દસ્તાવેજો પ્રમાણપત્રો અપલોડ કરવા માટેની અંતિમ તારીખ | તા ૨૫-૧૦-૨૦૨૩ સમય: ૨૩:૫૯ કલાકે |

## <u>ડોકયુમેન્ટ ઓનલાઈન અપલોડ કરવા માટે ઉમેદવારોએ ધ્યાને લેવાની સામાન્ય સૂચનાઓ</u>:-

(૧) સૌપ્રથમ ઉમેદવારોએ https://iass.gujarat.gov.in/ વેબસાઇટ ઉપર જઇને જાહેરાત ક્રમાંક પસંદ કરી પોતાનો કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ નાંખીને લોગ ઇન થવાનું રહેશે.

(૨) પ્રમાણપત્રો અપલોડ કરતાં પહેલા સ્ક્રીન પર આ અંગેની સૂચનાઓ ધ્યાનથી વાંચીને તેને અનુસરીને, ઉમેદવારોએ પેરા-૧૦ માં જણાવ્યા મુજબના અસલ પ્રમાણપત્રો સ્કેન કરીને નિયત સમયમર્યાદામાં અપલોડ કરવાના રહેશે. અને પ્રમાણપત્રો અપલોડ થયા બાદ **SUBMIT** બટન દબાવી સબમીટ કરવાના રહેશે.આ સિવાયના અન્ય કોઈપણ માધ્યમથી (ટપાલ/રૂબરૂ/ઈ-મેઈલ વિગેરે) પ્રમાણપત્રો મોકલી શકાશે નહીં. અન્ય માધ્યમ (ટપાલ/રૂબરૂ/ઈ-મેઈલ)થી મોકલેલ પ્રમાણપત્રો મંડળ દ્વારા ધ્યાને લેવામાં આવશે નહીં., તેની ખાસ નોંધ લેવી.

(૨.૧) અપલોડ કરવા માટે દરેક સ્કેન ડોક્યુમેન્ટની મહત્તમ સાઈઝ **<u>2MB</u>** રાખવાની રહેશે. જે મુજબ જ ડોક્યુમેન્ટની **PDF/JPG/JPEG/PNG** ફાઈલ અપલોડ કરી શકાશે.

(૩) ઉમેદવારે લાગુ પડતા પોતાના તમામ ડોકયુમેન્ટ વ્યવસ્થિત રીતે સ્કેન કરીને, <u>સુવાચ્ચરીતે કલર કોપીમાં અસલમાં</u> અપલોડ કરી ફરજીયાત “SUBMIT” કરવાના રહેશે. લાલ ફુદડી (*) કરેલ વિગતોમાં

ઉમેદવારોએ ફરજીયાત જે-તે પ્રમાણપત્ર અપલોડ કરવાના રહેશે. અન્યથા ડોક્યુમેન્ટસ સબમિટ થઈ શકશે નહીં.

(૪) આ સિવાય ઉમેદવારો જો કોઇ જરૂરી અન્ય પ્રમાણપત્ર કે વિગત અપલોડ કરવા માંગતા હોય તો તે "અધર્સ ડોકયુમેન્ટસ" નામના મેનુંમાં તમામ અસલ પ્રમાણપત્રો/ દસ્તાવેજોની એક જ પીડીએફ ફાઇલ અપલોડ કરવાની રહેશે.

(૫) ઉમેદવારોએ અપલોડ કરેલ ડોકયુમેન્ટસના વેરીફીકેશન સમયે મંડળને જો કોઇ વાંધો/કવેરી જણાશે તો તે અંગે ઉમેદવારોને જરૂરી પુર્તતા કરવા માટે ઉમેદવારના રજીસ્ટર્ડ ઈ-મેઈલના માધ્યમથી તેમજ એસ.એમ.એસ થી જાણ કરવામાં આવશે. આ માટે ઉમેદવારોએ પોતાના રજીસ્ટર્ડ ઇ-મેઇલ (અરજી સમયે આપેલ હોય તે) સતત ચકાસતાં રહેવા જણાવવામાં આવે છે.

(૬) ઉમેદવારે પોતાના અસલ પ્રમાણપત્રોની ફાઇલ ઓનલાઈન પોર્ટલ પર જ ઉકત સમયમર્યાદામાં અચુક અપલોડ કરવાની રહેશે. પ્રમાણપત્ર અપલોડ કરવાનો નિશ્ચિત થયેલ સમયગાળો પૂર્ણ થયા બાદ કોઇપણ ઉમેદવારના પ્રમાણપત્રો સ્વીકારવામાં આવશે નહીં કે વધારાનો સમયગાળો મળવાપાત્ર થશે નહીં. ફીજીકલ કે રૂબરૂમાં કે ઈ-મેઇલ કે અન્ય કોઈપણ માધ્યમથી પણ પ્રમાણપત્રો સ્વીકારવામાં આવશે નહીં.

(૭) નિયત સમયમર્યાદામાં પ્રમાણપત્રો અપલોડ ન કરવાના કારણોસર ઉમેદવારને સદર જાહેરાત અન્વયેની સીધી ભરતી માટે "ગેરલાયક" ગણવામાં આવશે. જેની સંબંધિત ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

(૮) ઉમેદવારોએ **https://gpssb.gujarat.gov.in** વેબસાઈટ ઉપર ડાઉનલોડ મેનુ માંથી "એટેસ્ટેશન ફોર્મ" ડાઉનલોડ કરી તેમાં તમામ જરૂરી સંબંધિત ખરી વિગતો ભરી, ઉમેદવારના ડાબા હાથના અંગૂઠાનું નિશાન કરવાનું રહેશે. ત્યારબાદ વિગતો ભરેલ "એટેસ્ટેશન ફોર્મ" અસલમાં સ્કેન કરીને તેની **PDF/JPG/JPEG/PNG** (મહત્તમ સાઈઝ **2MB**) અપલોડ કરવાની રહેશે.

(૯) એકવાર ડોકયુમેન્ટ સબમીટ થયા બાદ તેમાં કોઇ ફેરફાર થઇ શકશે નહીં. જેથી ઉમેદવારોએ અસલમાં ડોકયુમેન્ટ અપલોડ કરતી વખતે ખાસ કાળજી લેવા જણાવવામાં આવે છે.

(૯.૧) ઉમેદવારોએ પોતાને લાગુ પડતા અને જાહેરાતની જોગવાઈઓ મુજબ સમયમર્યાદા દરમ્યાન માન્ય હોય તેવા અસલ પ્રમાણપત્રોની કલર કોપીની **PDF/JPG/JPEG/PNG** ફાઇલ અપલોડ કરવાની રહેશે.

(૧૦) ઉમેદવારોએ અપલોડ કરવાના આધાર પુરાવાઓ:-

| ક્રમ | વિગત | જરૂરી આધાર પુરાવાની વિગતો |
|---|---|---|
| ૧ | વય (ઉંમર) અંગેના આધાર પુરાવા<br>(કોઈ પણ એક)<br>(ફરજીયાત) * | ૧. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (SLC)<br>૨. સક્ષમ અધિકારીનું જન્મનું પ્રમાણપત્ર<br>3. SSC ક્રેડીટ સર્ટીફીકેટ<br>૪. HSC ક્રેડીટ સર્ટીફીકેટ |

| | | |
|---|---|---|
| ૨ | શૈક્ષણિક લાયકાત અંગેના પ્રમાણપત્ર (કોઈ પણ એક) (ફરજીયાત) * | ૧.ધોરણ-૧૨ની માર્કશીટ<br>૨. ડીપ્લોમા સર્ટીફીકેટ<br>૩.ધોરણ-૧૦+૨ (ITI) with Equivalency Certificate |
| 3 | ગ્રેજ્યુએશન/ પોસ્ટગ્રેજ્યુએશન (જો કરેલ હોય તો) | ગ્રેજ્યુએશન/ પોસ્ટગ્રેજ્યુએશન ડીગ્રી સર્ટીફીકેટ |
| ૪ | જાતિ પ્રમાણપત્ર | |
| ૪.૧ | SC/ST ઉમેદવારો માટે (SC/ST ઉમેદવારો માટે ફરજીયાત) * | ૧. સક્ષમ અધિકારી દ્વારા ઇશ્યુ કરવામાં આવેલ ઉમેદવારનું અનુ.જાતિ/ અનુ.જનજાતિનું જાતિ પ્રમાણપત્ર |
| ૪.૨ | SEBC ઉમેદવારો માટે (SEBC ઉમેદવારો માટે ફરજીયાત) * | ૧. સક્ષમ અધિકારી દ્વારા ઇશ્યુ કરવામાં આવેલ ઉમેદવારનું નોન-ક્રીમિલેયર સર્ટીફીકેટ (NCLC)<br>૨. નિયત નમૂનામાં બાહેંધરી પત્રક (સાદાકાગળ ઉપર) (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૨/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક-શસપ/ ૧૨૨૦૧૫/૪૪૫૨૪૬/અની જોગવાઇ મુજબ)<br>(નમૂનો મંડળની વેબસાઈટ ઉપર "ડાઉનલોડ" મેનુમાં ઉપલબ્ધ છે.) |
| ૪.3 | EWS ઉમેદવારો માટે (EWS ઉમેદવારો માટે ફરજીયાત) * | ૧. સક્ષમ અધિકારીનું નિયત નમૂનામાં (અંગ્રેજીમાં એનેક્ષર-KH અથવા ગુજરાતીમાં પરીશિષ્ટ-ગ) "આર્થિક રીતે નબળા વર્ગનું પ્રમાણપત્ર"<br>૨. નિયત નમૂનામાં બાહેંધરી પત્રક (સાદા કાગળ ઉપર)<br>(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક-ઇડબ્લ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અની જોગવાઇ મુજબ)<br>(નમૂનો મંડળની વેબસાઈટ ઉપર "ડાઉનલોડ" મેનુમાં ઉપલબ્ધ છે.) |

| | | |
|---|---|---|
| ૫ | દિવ્યાંગ ઉમેદવારો માટે<br>(દિવ્યાંગ ઉમેદવારો માટે ફરજિયાત) * | સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક-પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ.૨ (પરિશિષ્ટ-અ) મુજબના નિયત નમુનામાં વિકલાંગતા અંગે તેમજ વિકલાંગતાના પ્રમાણની સ્પષ્ટ ટકાવારી દર્શાવતું માન્ય પ્રમાણપત્ર |
| ૬ | રમત ગમતના ઉમેદવારો માટે<br>(ઓનલાઈન અરજીમાં "રમત ગમત" અંગેના કોલમમાં "YES" લખનાર ઉમેદવારો માટે ફરજીયાત) * | સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંક:-સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨ તથા તા.૧/૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંક:-સીઆરઆર/૧૧૮૮/ ૩૬૪૪/ગ.૨ તથા સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:-સીઆરઆર/૧૦૯૯/યુઓ/ ૪૧૧૦/ગ-૨ તા.૧૮-૪-૨૦૦૧ તેમજ આ અંગેના વખતો વખતના સરકારશ્રીના ઠરાવોની જોગવાઇ મુજબ નિયત કર્યા મુજબના સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવેલ પ્રમાણપત્ર |
| ૭ | કોમ્પ્યુટર જ્ઞાન અંગે<br>(ફરજીયાત) * | સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક-સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબનું કોમ્પ્યુટરની બેઝીક જાણકારી અંગેના સરકાર ધ્વારા નિયત કરેલ કોર્ષના ઉલ્લેખ સાથેનું માન્ય પ્રમાણપત્ર |
| ૮ | એટેસ્ટેશન ફોર્મ<br>(ફરજીયાત) * | https://gpssb.gujarat.gov.in વેબસાઈટ પરથી "એટેસ્ટેશન ફોર્મ" ડાઉનલોડ કરી, જરૂરી સંબંધિત ખરી વિગતો ભરી, ડાબા હાથના અંગૂઠાનું નિશાન કરી, વિગતો ભરેલ "એટેસ્ટેશન ફોર્મ" |
| ૯ | નામમાં વિસંગતતા હોય તો<br>(લાગુ પડતું હોય તેવા ઉમેદવારો માટે ફરજીયાત) * | (૧) મહિલા ઉમેદવારો જો પરિણીત હોય અને અરજીપત્રક અને પ્રમાણપત્રોના નામમાં વિસંગતતા હોય તો લગ્ન નોંધણી પ્રમાણપત્ર અથવા તે અંગેનું સોગંદનામું |

| | | |
|---|---|---|
| | | (૨) અન્ય ઉમેદવારો માટે માત્ર સોગંદનામું (એફીડેવીટ) |
| ૧૦ | સરકારી સેવામાં ફરજ બજાવતા હોય તેવા ઉમેદવારો માટે | કચેરી/ખાતાનું નોકરી જોડાયા તારીખ/સમયગાળાનું પ્રમાણપત્ર તથા ના-વાંધા પ્રમાણપત્ર (NOC) |

નોંધ:- * ઉપરોક્ત તમામ ડોક્યુમેન્ટસ ફરજીયાતપણે અસલમાં જ સ્કેન (**PDF/JPG/JPEG/PNG** )કરીને અપલોડ કરવાના રહેશે. Xerox કે પ્રમાણિત નકલની સ્કેન કોપી માન્ય ગણવામાં આવશે નહીં.

"મંડળના આદેશાનુસાર"

તા.૨૦/૧૦/૨૦૨૩

સ્થળઃ ગાંધીનગર

સચિવ
ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ
ગાંધીનગર